# સુરત મહાનગરપાલિકા
## આરોગ્ય વિભાગ
## :: જાહેર સુચના ::

**<u>સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સિંગલ યુઝ પ્લાસ્ટીકનાં વપરાશ પર પ્રતિબંધ બાબત</u>**

હું બંછાનિધિ પાની (IAS) મ્યુનિસીપલ કમિશનર, સુરત મહાનગરપાલિકાના અમોને ધી જી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ હેઠળ પ્રાપ્ત થયેલ સત્તા અન્વયે આથી સંબંધકર્તા સર્વેને આ જાહેર નોટીસથી જણાવુ છુ કે, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ભારત સરકાર દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ સુદૃઢ બનાવવા તથા નું સઘન અમલીકરણ કરવા જણાવવામાં આવે છે. પર્યાવરણ, વન અને જલવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા D.O. No. 17-2/2001-HSMD તા. ૨૧–૦૧–૨૦૧૯ થી સીંગલ યુઝ પ્લાસ્ટિકનાં વપરાશ બંધ કરી રીયુઝેબલ ચીજ વસ્તુઓનો વપરાશ વધે તે માટે ગાઈડલાઈન પ્રસિધ્ધ કરેલ છે. આથી તમામ નાગરીકોને જણાવવાનું કે ભારત સરકારશ્રીનાં " પ્લાસ્ટીક ફ્રી ભારત અભિયાન " અંતર્ગત સુરત શહેરને " પ્લાસ્ટીક ફ્રી સીટી " બનાવવા હેતુ જાહેર કાર્યક્રમો તેમજ સ્થળોએ સીંગલ યુઝ પ્લાસ્ટીક જેવા કે, પ્લાસ્ટીકનાં કપ, ડીસ, ગ્લાસ, ચમચી, સ્ટ્રો, થર્મોકોલ કપ, ડીસ, ગ્લાસ, બાઉલ તથા ખાણી–પીણીની લારીઓ પર વપરાશમાં લેવાતા પ્લાસ્ટિક પ્રોડકટસ, વિગરેનાં વપરાશ પર સંપૂર્ણપણે પ્રતિબંધ ફરમાવુ છું. આ જાહેરનામુ પ્રસિધ્ધ થયેથી જો કોઈ ઈસમ / સંસ્થા દ્વારા સીંગલ યુઝ પ્લાસ્ટીકનો વપરાશ થતો જણાશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમજ વધુમાં જણાવવાનું કે, સીંગલ યુઝ પ્લાસ્ટીકની જગ્યાએ ઈકો ફ્રેન્ડલી, રીયુઝેબલ ચીજવસ્તુઓનો વપરાશ કરવા વિનંતી છે.

કમિશનર
સુરત મહાનગરપાલિકા